GJPT010005512020

રજુ તારીખઃ      ૧૨/૦૩/૨૦૨૦

દાખલ તારીખઃ   ૧૨/૦૩/૨૦૨૦

ફેંસલ તારીખઃ    ૦૭/૦૮/૨૦૨૬

અવધિઃ૦૬–વર્ષઃ૦૪– માસઃ૨૬–દિવસ

**પાટણ જિલ્લાના મે. મુખ્ય ડિસ્ટ્રીક્ટ જજશ્રીની અદાલત સમક્ષ, મું. પાટણ.**

**રેગ્યુ. સિવિલ અપીલ નં. ૦૯/૨૦૨૦**

આંક–૨૨ ,

**એપેલન્ટ/વિવાદીઃ–**

(૧) પટેલ કાંતાબેન ગાંડાભાઈ ઉ.વ.૬૫,

(૨) પટેલ પ્રહલાદભાઈ ગાંડાભાઈ મૈયતના વારસો

(૨.૧) પટેલ ચંદ્રીકાબેન તે પ્રહલાદભાઈ ગાંડાભાઈની વિધવા ઉ.વ.આ.૪૯ ધંધો–ઘરકામ

(૨.૨) પટેલ કલ્પેશભાઈ પ્રહલાદભાઈ ઉ.વ.આ.૩૩, ધંધો–ખાનગી નોકરી,

(૨.૩) પટેલ વિપુલભાઈ પ્રહલાદભાઈ
મૈયતના વારસો
(૨.૩.૧) પટેલ વિમળાબેન તે વિપુલભાઈ
પ્રહલાદભાઈની વિધવા
ઉ.વ.આ.૨૯, ધંધો–ઘરકામ
(૨.૩.૨) પટેલ દેવ વિપુલભાઈ (સગીર)
ઉ.વ.આ.૦૭, ધંધો–અભ્યાસ
(વિવાદી નં.૨.૩.૨ સગીરના વાલી
તથા માતા વિવાદી નં.૨.૩.૧)

તમામ મુળ રહે.વડાવલી, તા.ચાણસ્મા,
જી.પાટણ. હાલ રહે.૧૪૦, રાજનગરી
સોસાયટી, પ્રાર્થના ટેનામેન્ટ, અંબાજી નેળીયુ,
પાટણ.

(૩) પટેલ દિનેશભાઈ ગાંડાભાઈ
ઉ.વ.૪૦ હાલ રહે.મુ.પાટણ,
ઠે.૧૪૦, પ્રાર્થના ટેનામેન્ટ,
શાંતિનિકેતન સ્કૂલ રોડ,
તા.જી.પાટણ.

(૪) પટેલ ગીતાબેન ગાંડાભાઈ
ઉ.વ.૪૪ હાલ રહે.મુ.મહેસાણા,
ગ્રીનસીટી સોસાયટી,તા.જી.મહેસાણા.

(૫) પટેલ ડાહીબેન ગાંડાભાઈ
ઉ.વ.૪૨ હાલ રહે.ખારાધરવા,
તા.ચાણસ્મા,જી.પાટણ

તમામ મુળ રહે.વડાવલી, તા.ચાણસ્મા.

**વિરૂધ્ધ**

**<u>રીસ્પોન્ટડન્ટ/પ્રતિવિવાદીઓઃ–</u>** (૧) પટેલ દશરથભાઈ ડાહ્યાભાઈ
ઉ.વ. પુખ્તવયના,

હાલ રહે.મહેસાણા, ઠે.સ્વાગત
બંગ્લોઝ, મગનલાલ પેલેસની
બાજુમાં, રામોસમા રોડ,
તા.જી.મહેસાણા. મુળ રહે.વડાવલી,
તા.ચાણસ્મા, જી.પાટણ.

(૨) પટેલ ગાંડાલાલ ઈશ્વરલાલ (એબેટ)
ઉ.વ.આ.૭૦, હાલ રહે.પાટણ,
ઠે.૧૪૦, પ્રાર્થના ટેનામેન્ટ,
શાંતિનિકેતન સ્કુલ રોડ,
તા.જી.પાટણ. મુળ રહે.વડાવલી,
તા.ચાણસ્મા, જી.પાટણ.

**બાબતઃ** **સિવિલ પ્રોસીજર કોડ ૧૯૦૮ ની કલમ ૯૬ મુજબ સિવિલ અપીલ,**

---

એપેલન્ટસ તરફે.. ઃ- વિ.વ.શ્રી એચ.એન.પટેલ.
રીસ્પોડન્ટ નં.૧ તરફે.. ઃ- વિ.વ.શ્રી બી.ડી.શર્મા.

---

**ઃ-ઠરાવ ઃ-**

૧.. એપેલન્ટે હાલની આ અપીલ આ કામના વિવાદીઓ તર્ફે મિલકતનો વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા કાયમી તાકીદ મેળવવા તથા હિસ્સો મેળવવા માટે પ્રતિવિવાદી વિરૂધ્ધ દાવો દાખલ કરેલ, જે દાવાના કામે ચાણસ્માના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીએ રે.દિ.મુ.નં. ૧૬/૨૦૦૯ ના કામે તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ કરેલ આખરી હુકમ તથા હુકમનામા સામે દાખલ કરેલ છે.

૨.. અપીલના કારણોમાં એપેલન્ટે એવી રજૂઆત કરેલી છે કે, નીચેની અદાલતે દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લીધા વિના તથા પુરાવાના કાયદાની જોગવાઇઓ અનુસાર યોગ્ય, વ્યાજબી અને ન્યાયિક મૂલ્યાંકન કર્યા વિનાનો અને એકતરફી હુકમ કરેલ છે, જે અન્યાયી હોઇ હુકમ તથા હુકમનામું રદ્દ કરવા અરજ કરેલ છે.

૩.. ચાણસ્માના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા રે.દિ.મુ.નં.૧૬/૨૦૦૯ ના કામે એપેલન્ટ એ મૂળ વાદીઓ છે, અને રીસ્પોડન્ટ એ મૂળ પ્રતિવાદી છે. જેથી સદરહુ અપીલના કામે વાદીઓ અને પ્રતિવાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

૪.. એપેલન્ટની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ તરફે પ્રતિવાદી વિરૂધ્ધ ચાણસ્માના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૬/૨૦૦૯ થી દાવો દાખલ કરેલ. સદરહું દાવાનું પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટમાં ચાલી જતાં મે. ટ્રાયલ કોર્ટે સદર કામે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લઇ તેનો ગુણદોષ ઉપર નિકાલ કરી વાદીઓ નો દાવો નામંજુર કરતા તે વિરૂધ્ધ વિવાદીઓ તરફે અપીલ દાખલ કરેલ છે, અને તેમની અપીલ અરજીના કારણોમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે દાવા અરજીમાં રજુ થયેલ હકીકતો, દસ્તાવેજો, મૌખીક પુરાવા અને કાયદાનુ યોગ્ય અર્થઘટન કરી મુલ્યાંકન કરેલ નથી. નામદાર ટ્રાયલ કોર્ટે પુરાવાનું મુલ્યાંકન કરવામાં અને પુરાવો સમજવામાં ગંભીર ભુલ કરેલ છે, તેમજ રેકર્ડ પરના પુરાવાનું તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનુ ખોટુ અનુમાન કરી મહત્વની ભુલ કરી વાદવાળો હુકમ અને હુકમનામુ કરેલ હોય રદ થવાને પાત્ર છે. વાદગ્રસ્ત મિલકત મુળ ઈશ્વર થોભણનું નામ આકરણી પત્રકમાં દર્શાવેલ છે ત્યારબાદ વારસાઇ હક્કે ગાંડાભાઇ ઈશ્વર થોભણના નામે આવેલ છે. આમ, ઈશ્વર થોભણ વિવાદીઓના વડીલ હતા જેથી સદર મીલકત ગાંડાભાઇના નામે તેમના વારસ તરીકે દાખલ થયેલ તેવી હકીકત રેકર્ડ પર હોવા છતાં નામદાર નીચેની કોર્ટે દાવાવાળી મીલકત વાદીઓની વડીલોપાર્જીત મીલકત અંગે નકારમાં ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે. આમ,

વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત હોવાથી પ્રતિવિવાદી નં. ૨નાઓને વેચાણ કરવાનો કોઇ હક્ક કે અધિકાર મળતો નથી. વાદગ્રસ્ત મિલકત વેચાણ કરવા બાબતે હક્ક ધરાવનાર તમામ ઇસમોની સમંતી મેળવવી કાયદા મુજબ જરૂરી અને આવશ્યક છે, તેમછતાં પ્રતિવાદી નં. ૧ અને ૨નાઓએ કરેલ વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ બાબતે વાદીઓની કોઇ સમંતી મેળવેલ હોય તેવો લેશ માત્ર પુરાવો રેકર્ડ પર ન હોવા છતાં નામદાર નીચેની કોર્ટે દાવાવાળી મીલકત પ્રતિવાદી નં. ૨નાઓએ પ્રતિવાદી નં. ૧ને વાદીઓની જાણ તથા સમંતી સિવાય દાવાવાળી મીલકતનું વેચાણ કરેલ છે. તે મતલબના મુદ્દાનો નિર્ણય નકારમાં ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે. વાદગ્રસ્ત મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓએ કરેલ તે બાબતની કોઇ જાણ વાદીઓને હતી નહી અને વાદીઓને જાણ થતા તાત્કાલીક હાલનો દાવો દાખલ કરેલ હોય નામદાર નીચેની કોર્ટે દાવાને સમય મર્યાદાનો બાધ છે તે મતલબનો મુદ્દાનો નિર્ણય નકારમાં ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે. સદર વાદગ્રસ્ત મીલકતના હક્ક બાબતની તકરાર છે જેથી મુળ માલીક વાદીના વડીલ હોય પરંતુ વડીલે જે કૃત્ય કરેલ હોય તેનાથી કુદરતી રીતે મળેલ હક્કોનો અંત આવે નહી જે માનવામાં નામદાર નીચેની કોર્ટે ગંભીર ભુલ કરેલ છે અને વાદીએ તથા પ્રતિવાદી નં. ૨નાઓએ એકબીજાના મેળાપીપણામાં દાવો કરેલ તે મતલબનો મુદ્દાનો નિર્ણય કરવામાં ગંભીર ભુલ કરેલ છે. આ તમામ કારણોસર તેમજ અપીલની સુનાવણી સમયે રજુ કરવામાં આવેલ તમામ રજુઆતોને ધ્યાને રાખી વિવાદીની વિવાદ અપીલ મંજુર કરી વાદીનો દાવો ખર્ચ સહીત નામંજુર કરવા અરજ કરેલ છે.

૫.. આ કામે એપેલેન્ટ તરફે વિ.વ.શ્રી એચ.એન.પટેલ હાજર થયેલ છે તથા રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વ.શ્રી બી.ડી.શર્મા હાજર થયેલ છે .

૬.. ચાણસ્માના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીનું સદર દાવા અરજીનું રેકર્ડ જોતાં વાદી તથા પ્રતીવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

## વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–

### મૌખિક પુરાવાઃ–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી નં.૨ પટેલ પ્રહલાદભાઈ ગાંડાભાઈના પુરાવાનું સોગંદનામું | ૩૯ |
| ૨. | સાહેદ રણછોડભાઈ મંગળભાઈ પટેલની સોગંદ ઉપર જુબાની | ૯૪ |

### દસ્તાવેજી પુરાવાઃ–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | દાવાવાળી તકરારી મિલકતના વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્ષની ખરીનકલ. | ૪૩ |
| ૨. | વાદીઓએ પ્રતિવાદી નં.૧ નાઓને વકીલશ્રી બી.આર.સોલંકી મારફતે આપેલ નોટીસની સ્થળપ્રત તા.૧૩/૭/૦૯. | ૪૪ |
| ૩. | દાવાવાળી તકરારી મિલકતના વેચાણલેખની ખરીનકલ. | ૪૫ |
| ૪. | તલાટીશ્રી વડાવલી ગ્રામ પંચાયતે જાહેર માહીતી અધિકારી તરીકે માહિતી આપતો પત્ર તા.૧૬/૦૨/૧૮. | ૮૪ |
| ૫. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૪૨૩, પ્રોપર્ટી નં.૩૬૩ નું આકારણીપત્રક સને–૧૯૬૪/૬૫. | ૮૫ |
| ૬. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૪૬૯, પ્રોપર્ટી નં.૩૯૨ નું આકારણીપત્રક સને–૧૯૬૫/૬૬. | ૮૬ |
| ૭. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૪૮૯, પ્રોપર્ટી નં.૪૨૯ નું આકારણીપત્રક સને–૧૯૭૬/૭૭. | ૮૭ |

| | | |
|---|---|---|
| ૮. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૪૯૧, પ્રોપર્ટી નં.૪૪૯ નું આકારણીપત્રક સને-૧૯૮૪/૮૫. | ૮૮ |
| ૯. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૪૯૧, પ્રોપર્ટી નં.૪૮૨ નું આકારણીપત્રક સને-૧૯૯૧/૯૨. | ૮૯ |
| ૧૦. | વડાવલી ગ્રામ પંચાયતની અનુક્રમ નં.૫૨૬, પ્રોપર્ટી નં.૫૨૬ નું આકારણીપત્રક સને-૨૦૧૧/૧૨. | ૯૦ |

આ કામે વાદી તર્ફે આંક-૯૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે.

**<u>પ્રતિવાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ-</u>**

**<u>મૌખિક પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૧ દશરથભાઈ ડાહ્યાભાઈનો પુરાવાનું સોગંદનામું. | ૯૮ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઘર નં.૫૨૬ નો વેરો ભર્યાની પહોંચ તા.૧૧/૦૧/૨૦૧૮ | ૧૦૦ |
| ૨. | ઘર નં.૫૨૬ નો વેરો ભર્યાની પહોંચ તા.૧૧/૦૪/૨૦૧૯ | ૧૦૧ |
| ૩. | સને-૨૦૧૭/૧૮ ના વર્ષનું મિલકત નં.૫૨૬ નું આકારણી પત્રક તા.૦૫/૧૧/૨૦૧૮ | ૧૦૨ |

આ કામે પ્રતિવાદી નં.૧ તર્ફે આંક-૧૦૭ થી પુરાવાબંધની પુરસીસ રજુ થયેલ છે.

૭.. આ કેસમાં ઉપરોક્ત પક્ષીય નિવેદનોનાં આધારે ટ્રાયલ કોર્ટના વિ. ન્યાયાધીશ દ્વારા દાવાનાં નિર્ણય અને નિકાલ માટે આંક-૩૯ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે, દાવાવાળી મિલકત વાદીઓની વડીલોપાર્જીત મિલકત છે?

(૨) શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદી નં.૨ નાઓએ પ્રતિવાદી નં.૧ ને વાદીઓની જાણ તથા સંમતિ સિવાય કોઈ કાનુની જરૂરીયાત ન હોવા છતાં દાવાવાળી મિલકતનું વેચાણ કરેલ છે?

(૩) શું પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો લીમીટેશન એક્ટનો બાધ છે?

(૪) શું પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદીએ તથા પ્રતિવાદી નં.૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં હાલનો દાવો કરેલ છે?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૬) શું હુકમ અને હુકમનામું ?

૮.. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. હકારમાં,

૪. હકારમાં.

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ.

૯.. વિવાદી તરફે વિ.વ.શ્રી એચ.એન.પટેલ રજુઆત કરતા જણાવે છે કે, વાદગ્રસ્ત મિલકત મુળ ઈશ્વર થોભણનું નામ આકરણી પત્રકમાં દર્શાવેલ છે ત્યારબાદ વારસાઇ હક્કે ગાંડાભાઇ ઈશ્વર થોભણના નામે આવેલ છે. આમ, ઈશ્વર થોભણ વિવાદીઓના વડીલ હતા જેથી સદર મીલકત ગાંડાભાઈના નામે તેમના વારસ તરીકે દાખલ થયેલ તેવી હકીકત રેકર્ડ પર

આવેલ છે તે જોતાં દાવાવાળી મીલકત વાદીઓની વડીલોપાર્જીત મીલકત હોવાનું પુરવાર થાય છે જેથી પ્રતિવિવાદી નં. ૨નાઓને વાદીઓની સમંતી વિના વાદગ્રસ્ત મીલકત વેચાણ કરવાનો કોઈ હક્ક કે અધિકાર મળતો નથી. વાદગ્રસ્ત મિલકત વેચાણ કરવા બાબતે હક્ક ધરાવનાર તમામ ઈસમોની સમંતી મેળવવી કાયદા મુજબ જરૂરી અને આવશ્યક છે. તેમછતાં પ્રતિવાદી નં. ૧ અને ૨નાઓએ કરેલ વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ બાબતે વાદીઓની કોઈ સમંતી મેળવેલ હોય તેવો લેશ માત્ર પુરાવો રેકર્ડ પર ન હોવા છતાં નામદાર નીચેની કોર્ટે દાવાવાળી મીલકત પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ને વાદીઓની જાણ તથા સમંતી સિવાય વેચાણ કરેલ છે, તે મતલબના મુદ્દાનો નિર્ણય નકારમાં ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે. વાદગ્રસ્ત મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓએ કરેલ તે બાબતની કોઈ જાણ વાદીઓને હતી નહી અને વાદીઓને જાણ થતા તાત્કાલીક હાલનો દાવો દાખલ કરેલ છે. જેથી વાદીઓના દાવાને કોઈ સમય મર્યાદાનો બાધ નડતો નથી તેમછતાં નામદાર નીચેની કોર્ટે વાદીઓના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તેવુ ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે. સદર વાદગ્રસ્ત મીલકતના હક્ક બાબતની તકરાર છે અને વાદીઓ તરફે વડીલોપાર્જીત મિલકતમાં હક્ક મેળવવા હાલનો દાવો કરેલ છે માત્ર મુળ માલીક વાદીઓના વડીલ હોય તે કારણસરવડીલે જે કૃત્ય કરેલ હોય તેનાથી વાદીઓના હક્કને અસર પડે નહી તેમજ વાદીઓની કોઈપણ રજા સમતી વિના પ્રતિવાદી નં. ૨નાએ વાદગ્રસ્ત જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી દીધેલ હોય વાદીઓ તરફે તેઓના હક્ક માટે હાલનો દાવો દાખલ કરેલ છે. જેથી વાદીઓ તથા પ્રતિવાદી નં. ૨નાઓએ એકબીજાના મેળાપીપણામાં દાવો દાખલ કરેલ છે તે માની શકાય નહી. જેથી નામદાર ટ્રાયલ કોર્ટે વાદીઓનો દાવો રદ કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદેસરનો નથી અને વાદગ્રસ્ત મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવાનો પ્રતિવાદી નં. ૨ને કાયદેસર કોઈ હક્ક કે અધિકાર ન હોવા છતા પ્રતિવાદી નં.૨નાએ પ્રતિવાદી નં. ૧ને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે રદ થવા ને પાત્ર છે જેથી નામદાર ટ્રાયલ કોર્ટે કરેલ હુકમમાં હસ્તક્ષેપ કરી વિવાદીઓનો

દાવો ખર્ચ સહિત મંજુર કરવા તેમજ દાવામાં માંગ્યા મુજબની દાદ વાદીઓના લાભમાં અપાવવા અરજ કરેલ છે.

૧૦.. પ્રતિવિવાદી નં.૧ તરફે આંક-૨૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે. વધુમાં, પ્રતિવિવાદીનં.૧ ના વિ.વ.શ્રી બી.ડી.શર્મા તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવિવાદી નં. ૧ તથા પ્રતિવિવાદી નં. ૨ તથા તમામ વિવાદીઓ એકજ ગામના, એકજ કુટુંબના અને અંદરો અંદર એકબીજાના સગા સબંધીઓ છે. સદર કામના તમામ વિવાદીઓ, પ્રતિવિવાદી નં. ૨ ના પુત્રો, પુત્રવધુઓ, પુત્રીઓ, પત્નિ અને પ્રપૌત્ર છે. પ્રતિવિવાદી નં. ૧નાએ વાદગ્રસ્ત મિલકત તા.૧૬/૦૭/૨૦૦૧ના રોજ પ્રતિવિવાદી નં. ૨ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે જે વેચાણ દસ્તાવેજની નકલ આંક-૪૫ થી રજુ કરેલ છે. સદરહુ વિવાદ વાળી મીલકતનું વેચાણ સને-૨૦૦૧ ની સાલમાં થયેલ છે અને નામદાર નીચેની કોર્ટમાં સને-૨૦૦૯માં દાવો દાખલ કરેલ છે. આમ, વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. વિવાદ વાળી મીલકત પ્રતિવિવાદી નં. ૨ના નામે હતી અને તેમને શુદ્ધબુદ્ધીથી વેચાણ કરેલ છે અને તેમાં વિંવાદીઓએ કોઈપણ જાતનો વા ધો કે વિરોધ કરેલ નથી, પરંતુ સમય જતા બન્ને એકજ કુટુંબના વ્યકિતઓ હોવાના કારણે કુટુંબમાં કોઈ કારણસર અણબનાવ બનેલ જેના કારણે પાછળથી ખોટો દાવો દાખલ કરેલ છે. નામદાર ટ્રાયલ કોર્ટે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કરી વિવાદીઓનો દાવો નામંજુર કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદેસર અને યોગ્ય હોય તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત જણાતી નથી જેથી વિવાદીઓની વિવાદ અપીલ ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

૧૧.. સદરહું અપીલના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું નામદાર ટ્રાયલ કોર્ટે દાવાવાળી મીલકત વાદીઓની વડીલોપાર્જીત મીલકત આવેલ ન હોવાનું ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૨) શું નામદાર ટ્રાયલ કોર્ટે પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ને વાદીઓની જાણ તથા સમંતી સિવાય કોઇ કાનુની જરૂરીયાત ન હોવા છતાં દાવાવાળી મીલકતનું વેચાણ કરેલ છે તે હકીકત સાબીત કરી શકેલ નથી, તેવુ ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૩) શું નામદાર ટ્રાયલ કોર્ટે વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે, તેવુ ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૪) શું નામદાર ટ્રાયલ કોર્ટે વાદીઓ તથા પ્રતિવાદી નં.૨નાઓએ એકબીજાના મેળાપીપણામાં દાવો દાખલ કરેલ છે, તેવુ ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૫) શું નામદાર ટ્રાયલ કોર્ટે વાદીઓ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા કાયદેસર હક્કદાર નથી, તેવુ ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે ?

(૬) શું મે. ચાણસ્માના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીએ રે.દિ.મુ.નં. ૧૬/૨૦૦૯ ના કામે તા. ૧૦/૦૨/૨૦૨૦ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું કાયદા તથા હકીકતો વિરૂધ્ધનું છે, અને તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે?

(૭) શું હુકમ અને હુકમનામું.

૧૨.. સદરહું ઉપરોક્ત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,
(૨) નકારમાં,
(૩) નકારમાં,
(૪) નકારમાં,
(૫) નકારમાં,
(૬) નકારમાં,
(૭) આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં. ૧ –**

૧૩.. વાદીઓના જણાવ્યા મુજબ દાવાવાળી મીલકત મુળ ઈશ્વર થોભણના નામે આવેલ હતી અને તેઓ ગુજરતા વારસદાર તરીકે પ્રતિવાદી નં. ૨ ગાંડાલાલ ઈશ્વરનું નામ દાખલ થયેલ છે. આમ, વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મીલકત હોય વાદીઓનો વણવહેચાયેલો હિસ્સો પોષાય છે. વાદીઓ તરફે આંક–૮૫ થી આંક–૯૦ સુધીની વડાવલી ગ્રામ પંચાયતની સને–૧૯૬૪–૬૫ થી સને–૨૦૧૧–૧૨ સુધીની આકારણીપત્રકની નકલો રજુ કરેલ છે, રજુ થયેલ આકારણી પત્રક વંચાણે લેવામાં આવે તો વાદગ્રસ્ત મિલકત મુળ ઈશ્વર થોભણના નામે આવેલાનું ફલિત થાય છે અને ત્યારબાદ મિલકત નં. ૪૪૯ ગાંડાભાઇ ઈશ્વરભાઈના નામે દાખલ થયેલ છે અને તેઓએ વાદગ્રસ્ત મિલકત વેચાણ કરતા પટેલ દશરથભાઈ ડાહ્યાભાઈનું નામ દાખલ થયેલ છે. આમ, વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત આવેલાનું પુરવાર થતુ હોય નામદાર ટ્રાયલ કોર્ટે વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત હોવાનું પુરવાર થતુ નથી તેવુ ઠરાવવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપુ છું.

**મુદ્દા નં. ૨ થી ૬:–**

૧૪.. ઉપરોક્ત મુદ્દાઓ કાયદા અને હકીકતની દ્રસ્ટીએ એકબીજા સાથે સંકળાયેલ હોય વારંવાર પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૧૫.. વાદીઓના જણાવ્યા મુજબ દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મીલકત આવેલ હોવા છતાં વાદીઓની સમંતી વિના પ્રતિવાદી નં. ૨નાએ પ્રતિવાદી નં.૧ને વેચાણ કરી દીધેલ છે. પ્રતિવાદી નં. ૨ને સદરહુ મિલકત વેચાણ કરવાનો કાયદેસરનો કોઇ હક્ક કે અધિકાર પહોચતો નથી. વાદીઓ તરફે આંક–૩૯ થી વાદી નં. ૨ પ્રહલાદભાઈ ગાંડાભાઈ પટેલાનાઓએ સરતપાસનું સોગંદનામુ રજુ કરી દાવાને સમર્થનરૂપ હકીકત સોગંદ પર જણાવેલ છે. પ્રતિવાદી ના વિ.વ.શ્રી તરફે વાદી નં. ૨ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસમાં તેઓએ દાવો દાખલ કર્યો તે

વખતે તેઓના પિતાનું સરનામું પ્રાર્થના ટેર્નામેન્ટ, પાટણ બતાવેલ છે, તેઓ વડાવલી મુકામે જતા ત્યારે જે મકાન વેચેલ છે તે મકાનમાં જઇને રહેતા હતા તેઓને મહીને પંદર દિવસે એક દિવસ વડાવલી મુકામે જવાનું થાય છે. વાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓના પિતા ગામમાં મોભાદાર, આબરૂદાર વ્યક્તિ હતા અને તેઓના કુટુંબમાં તેઓના પિતાજી હોશીયાર વ્યક્તિ હતા અને તેઓના પિતા માર્કેટયાર્ડમાં લે વેચનો ધંધો કરતા હતા. વધુમાં વાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓના ઘરનો વહીવટ તેઓના પિતાશ્રી કરતા હતા અને તેઓની માતા કાન્તાબેન તેઓની સાથે પાટણ મુકામે રહેતા હતા. વાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓના પિતાને વ્યવહારીક સમજ હતી અને સારા નરસાનો ખ્યાલ હતો અને તેઓના પિતા તેઓના ઘરનો વહીવટ કરતા હતા અને તે તેમના કુટુંબનું અહિત થાય તેવા કોઈ કૃત્ય કરતા ન હતા અને તેઓના પિતા કરકસર વારા હતા અને કોઈ ઉડાઉ સ્વભાવ ન હતો. વધુમાં, વાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓના ભાઈ-બહેનોના લગ્ન પણ તેઓના પિતાશ્રીએ કરેલા અને તેઓની ત્રણેય ફઇઓના વ્યવહાર તેઓના પિતાશ્રી કરતા હતા અને તેઓના પિતાએ તેમની વિરૂદ્ધમાં જઇને કોઇ કામ કરેલ નથી. આ મકાન વેચેલ ત્યારે તેઓની ઉમર આશરે ૩૮ થી ૪૦ વર્ષ ની હતી તે વખતે તેઓ પાટણ મુકામે ધંધો કરતા હતા. તેઓના પિતાજી નાની ઉમરથી જ પાટણ મુકામે તેજી મંદીનો ધંધો કરતા હતા. તેઓના પિતાજીને કોઇ માનસીક બિમારીનો રોગ હતો નહી. આ મકાન વેચ્યા પછી તેઓના પિતાજી અગ્યાર વર્ષ સુધી હયાત હતા. આ મકાનનો દસ્તાવેજ થયો ત્યારે તેમને ખબર પડેલી કે આ મકાનનો કબજો દશરથભાઇને આપી દિધેલ છે. વધુમાં, વાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ મકાન તેઓની એકલાની માલીકીનુ હતુ. મકાન વેચાણ અંગેની વાત ગામમાંથી મળેલી પણ કોને કરેલી તે યાદ નથી. એ વાતની વાદીને ખબર નથી કે, આ મકાન વેચાણ અંગેની તેઓની માતાને ખબર છે કે કેમ. વાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ મકાન વેચાણ અંગે તેઓની ફોઈએ પણ કોઈ વાંધો લીધેલ નથી કે તેઓએ વાડાના વેચાણ અંગે

કોઈ વાંધો લીધેલ નથી. વાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ મકાનનુ વેચાણ તેઓના પિતાજીએ તેઓના કુટુંબના હીતમાં કરેલ છે.

૧૫.૧.. ત્યારબાદ વાદી તર્ફે આંક–૬૩ થી વડાવલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી રમેશકુમાર મોહનભાઈ પટેલને સાહેદ તરીકે તપાસેલ છે અને તેઓની જુબાનીમાં વાદગ્રસ્ત મિલકત તેમજ ઈશ્વર થોભણના નામે આવેલ અન્ય મિલકતોની આકારણીપત્રકની નકલો રજુ કરાવેલ છે.

૧૬.. પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદી નં.૧ નાએ કાયદેસરનો અવેજ આપીને પ્રતિવાદી નં.૨ પાસેથી વેચાણ રાખેલ છે જેનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આંક–૪૫ થી રજુ કરેલ છે. વાદગ્રસ્ત મિલકત વેચાણ રાખી ત્યારે તે ખુબજ જુનુ અને જીર્ણ હાલતમાં હોય તેને જરૂરી સમારકામ કરી તથા રંગરોગાણ કરીને મકાન રહેવાલાયક બનાવી ખુબજ ખર્ચ કરેલ છે. જે હકીકત વાદીઓ અવારનવાર સારા નરસા પ્રસંગોએ ગામમા આવતા જતા હોવાને કારણે શરૂઆતથી જાણે છે જેથી વાદીઓને મિલકત વેચાણ આપેલાની જાણ છે, પરંતુ દાવો સમયમર્યાદામાં લાવવા માટે તા.૨૩/૭/૨૦૦૯ ના રોજ જાણ થયેલાની ખોટી હકીકત જણાવેલ છે અને પ્રતિવાદીનુ નામ રેકર્ડમાં દાખલ થયા બાદ વાદીઓએ ખોટી રીતે પૈસા પડાવવાના બદદાનતથી ૮ વર્ષ પછી ખોટો દાવો દાખલ કરેલ છે. વાદગ્રસ્ત મિલકતનો વેરો પણ પ્રતિવાદી નં.૧ નાઓ ભરે છે તેની નકલો દાવાના કામે રજુ કરેલ છે. વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ ના એકજ છત નીચે એકજ મકાનમાં સંયુક્ત કુટુંબમાં રહેતા આવેલ છે અને વાદીઓ પ્રથમથીજ વાદગ્રસ્ત મિલકત વેચાણ થયેલ હોવાનુ જાણતા હોવા છતા પ્રતિવાદી નં.૨ ના મેળાપીપણામાં ખોટો દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદી નં.૨ નાએ સદર મિલકત વાદીઓના હીત વિરૂદ્ધ જઈને વેચાણ કરેલ નથી જેથી વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી નં.૧ તર્ફે આંક–૯૮ થી સરતપાસનુ સોગંદનામું રજુ કરી જવાબને સમર્થનરૂપ હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. વાદીના વિ.વ.શ્રી તર્ફે પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં દાવાવાળુ મકાન ગાંડાભાઈ ઈશ્વરભાઈના

બાપદાદા વખતનુ જુનુ મકાન હોવાનુ પ્રતિવાદીએ સ્વીકારેલ છે. પ્રતિવાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કોઈપણ સ્થાવર મિલકત વેચાણ રાખવી હોય તો તે મિલકતનો વેચાણ દસ્તાવેજ કરતી વખતે મિલકતના રેકર્ડના ટાઈટલની ખાત્રી કરવી જરૂરી છે તેઓએ દાવાવાળી મિલકત મકાન નં. ૪૪૯ ના ટાઈટલ અંગે ખાત્રી કરેલી અને ગ્રામ પંચાયતમાં તપાસ કરતા તેઓને જાણવા મળેલ કે આ મકાન ગાંડાભાઈ ઈશ્વરભાઈના નામનુ છે. પ્રતિવાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પ્રતિવાદી નં.૨ પટેલ ગાંડાભાઈ ઈશ્વરભાઈ ખેતીની જમીનવાળા તેમજ પાટણ માર્કેટયાર્ડમાં અનાજ લે-વેચનો ધંધો કરતા હોય પૈસેટકે સુખી હતા. પ્રતિવાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પ્રતિવાદી નં.૨ ગાંડાભાઈ ઈશ્વરભાઈના વારસદારોએ આ કામના વાદીઓની કોઈ સંમતિ લીધેલ નથી.

૧૭.. વાદીઓ તથા પ્રતિવાદી તર્ફે રજુ થયેલ પુરાવાનુ તલસ્પર્શી રીતે મુલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ છે કે દાવાવાળી મિલકત મુળ વડીલોપાર્જીત મિલકત આવેલ હતી, પરંતુ સદરહુ મિલકત પ્રતિવાદી નં.૨ ગાંડાભાઈ ઈશ્વરભાઈ પટેલના નામે ચાલતી હતી અને તેઓએ તા.૧૬/૭/૨૦૦૧ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં.૧ પટેલ દશરથભાઈ ડાહ્યાભાઈને રૂપિયા ૨૫,૦૦૦/- માં વેચાણ આપેલ છે. જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આંક-૪૫ થી રજુ થયેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદી નં.૧ નુ નામ દાવાવાળી મિલકતમાં દાખલ થયેલ છે. વાદી નં.૧ નાઓ પ્રતિવાદી નં.૨ ના પત્ની થાય છે. વાદી નં.૨ થી ૫ ના, પ્રતિવાદી નં.૨ ના દિકરા-દિકરીઓ થાય છે. આમ, વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ નાઓ એકજ કુટુંબના છે. વાદગ્રસ્ત મિલકત વેચાણ આપી તે સમયગાળા દરમ્યાન વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ વચ્ચે કોઈ તકરાર ચાલતી હોય અને પ્રતિવાદી નં.૨ ના વાદીઓથી અલગ રહેતા હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. આમ, પ્રતિવાદી નં.૨ નાએ વાદગ્રસ્ત મિલકત કુટુંબના કર્તા તરીકે વેચાણ કરેલ હોવાનુ માનવાને કારણ રહે છે. વધુમાં વાદીની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો વાદીએ એ હકીકતનો સ્પષ્ટ

સ્વીકાર કરેલ છે કે, તેઓના પિતાજી કરકસરવાળા હતા અને કોઈ ઉડાઉ સ્વભાવ ન હતો તેઓની બહેનોના લગ્ન તેઓના પિતાશ્રીએ કરેલા છે અને તેઓની ત્રણેય ફોઈઓના વ્યવહાર તેઓના પિતાશ્રી કરતા હતા અને તેઓના પિતાએ તેઓની વિરૂદ્ધ જઈને કોઈ કામ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નં.૨ નાઓ તેઓના ઘરનો વહીવટકર્તા હોવાનુ પણ વાદીઓ તર્ફે કબુલ રાખેલ છે. આમ, પ્રતિવાદી નં.૨ નાએ કુટુંબના કર્તા તરીકે કુટુંબની જરૂરીયાત માટે વાદગ્રસ્ત મિલકત વેચાણ કરેલ હોય ત્યારે તે અંગે વાદીઓની સંમતિ લેવી જરૂરી નથી. વાદીઓ એવુ બતાવી શકેલ નથી કે, પ્રતિવાદી નં.૨ નાએ વાદગ્રસ્ત મિલકત વેચાણ કરેલ છે તે અંગે પ્રતિવાદી નં.૨ નો કુટુંબના કર્તા તરીકે વહીવટ સારો ન હતો. નામદાર ટ્રાયલ કોર્ટે તેઓના જજમેન્ટમાં ભંવર વી. પુરણ અને બીજાઓ ૨૦૦૮(૩) એસ.સી.સી. પેજ નં.૮૭ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાની ચર્ચા કરેલ છે જેમાં બિનવસીયતી વારસાઈના કિસ્સામાં એક વખત જો મિલકત હિન્દુ વારસા હક્ક કાયદા ૧૯૫૬ ની કલમ-૮ હેઠળ વારસાઈમાં મળેલ હોય તો તે મિલકત તે વારસની વ્યક્તિગત મિલકત તરીકે ગણાશે તેમ ઠરાવેલ છે. આમ, આ કામે પણ પ્રતિવાદી નં.૨ ને વારસાઈમાં મિલકત મળેલાનુ ફલીત થાય છે ત્યારે સદર મિલકત વ્યક્તિગત મિલકતની શ્રેણીમાં ગણાય જેથી સદર કાયદાની કલમ-૩૦ મુજબ તેઓ સદર મિલકતની તબદીલી કરવા માટે સ્વતંત્ર હોય છે. જેથી સદરહુ મિલકત વેચાણ કરવા માટે પ્રતિવાદી નં.૨ નાએ વાદીઓની સંમતિ મેળવેલ ન હોય તે કારણસર વાદગ્રસ્ત મિલકત અંગે પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવી શકાય નહી. વધુમાં વાદગ્રસ્ત મિલકત સને-૨૦૦૧ ની સાલમાં પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે અને સદરહુ દસ્તાવેજ રદ્દ કરાવવા માટે સને-૨૦૦૯ ની સાલમાં દાવો દાખલ કરવામાં આવેલ છે. વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ ના એકજ કુટુંબના અને એકજ છત નીચે રહેતા હોવાનુ ફલીત થાય છે, ત્યારે સદરહુ વેચાણ દસ્તાવેજ બાબતે વાદીઓ અજાણ હોય તેવુ માની શકાય નહી. આમ, વાદીઓને વેચાણ દસ્તાવેજ

અંગેની જાણ તા.૧૩/૭/૨૦૦૯ ના રોજ થયેલ હોવાની વાદીઓ તર્ફે જે જણાવેલ છે તે દાવાને સમયમર્યાદામાં લાવવા માટે પ્રયત્ન કરવામાં આવેલાનુ જણાય છે. આમ, વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાદ નડતો હોવાનુ પણ પુરવાર થાય છે. વધુમાં પ્રતિવાદી નં.૨ તથા વાદીઓ તમામ એકસાથે એક મકાનમાં રહેતા હોવાનુ અને તેઓ વચ્ચે કોઈ તકરારો ઉપસ્થિત થયેલ ન હોવાનુ રેકર્ડ ઉપરથી ફલિત થાય છે ત્યારે વાદીઓ અને પ્રતિવાદી નં.૨ નાએ એકબીજાના મેળાપીપણામાં હાલનો દાવો કરેલ હોવાનુ માનવાને કારણ રહે છે. સદરહુ ઉપરોક્ત તમામ હકીકતોની ચર્ચાને ધ્યાને લેતા પ્રતિવાદી નં.૨ નાઓએ, પ્રતિવાદી નં.૧ ને વાદીઓની જાણ તથા સંમતિ સિવાય કોઈ કાનુની જરૂરીયાત ન હોવા છતા દાવાવાળી મિલકતનુ વેચાણ કરેલ હોવાની હકીકત વાદીઓ પુરવાર કરી શકેલ નથી અને વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાદ નડતો હોવાનુ પુરવાર થતુ હોય તેમજ વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં દાવો દાખલ કરેલ હોવાનુ પુરવાર થતુ હોય વાદીઓ દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા કાયદેસર હક્કદાર ન હોય નામદાર ટ્રાયલ કોર્ટે તે મુજબ મુદ્દાઓનો નિર્ણય કરી વાદીનો દાવો નામંજુર કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદેસરનો અને યોગ્ય હોય તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત જણાતી ન હોય મુદ્દા નં. ૨ થી ૬ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૭ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

**-ઃ હુકમ ઃ-**

- વિવાદીઓની વિવાદ અપીલ આથી નામંજુર કરવામાં આવે છે.
- મે. ચાણસ્માના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીનું રે.દિ.મુ.નં. ૧૬/૨૦૦૯ ના કામે તારીખ ૧૦/૦૨/૨૦૨૦ ના રોજ આપેલ જજમેન્ટ તથા હુકમનામુ આથી કાયમ કરવામાં આવે છે.
- ઉપરોક્ત હુકમ મુજબ હુકમનામું દોરવું.

• રે.દિ.મુ.નં. ૧૬/૨૦૦૯ નું દાવાનું અસલ રેકર્ડ નામદાર ટ્રાયલ કોર્ટમાં મોકલી આપવું સાથે આ હુકમની એક નકલ મોકલી આપવી.

હુકમ આજરોજ તાઃ **૦૭ મી, માહે ઓગસ્ટ, સને. ૨૦૨૬,** ના ખુલ્લી અદાલતમાં મારી સમક્ષ વાંચી સંભળાવી મારી સહી તથા સીક્કો કરીને જાહેર કર્યો.

મું. પાટણ.
**તા.૦૭/૦૮/૨૦૨૬**

**(પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠ)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ
પાટણ.

**(JUDGE CODE-GJ00524)**